હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મિત્રો... લાખો ટોઈલેટનાં ખર્ચાને સરકાર પહોંચી વળી છે... પરંતુ તેનો તમે ઊપયોગ કરતા થાવ તે માટે તમને પ્રશિક્ષિત કરવા વિદેશની મદદ લેવી પડશે.

દબાણ મુક્ત ગાંધીનગર : સ્માર્ટ સિટીનું સ્ટેટસ મળ્યા બાદ ગંદકી અને દબાણમુક્ત ગાંધીનગર બનાવવા તંત્ર જાણે પડકાર ઝીલી રહ્યું હોય એમ અનુભવાય છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આડેધડ ઝૂંપડપટ્ટી, લારી-ગલ્લા અને અનઅધિકૃત બાંધકામ જેવા દબાણો ઠેર ઠેર જોવા મળે છે. બુધવારે દબાણ તંત્ર દ્વારા ઘ-૨ની આસપાસના વિસ્તારોમાં દબાણ હટાવાયું હતું.

રાંદેસણની કરોડોની જમીનમાં પોલીસ સાથે જ છેતરપીંડી

કુટુંબના સભ્યો અને બિલ્ડર સહિત ૩૫ સભ્યો સામે એએસઆઈએ નોંધાવી ફરીયાદ : ખોટી સહીઓ કરીને ગુડામાંથી આગોતરા કબજા કરાર કરી વિશ્વાસઘાત-છેતરપીંડી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા વિઠ્ઠલજી મકવાણાએ પોતાના કુટુંબીજનો તથા બિલ્ડર સહિત ૩૫ સભ્યો સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ નોંધાવી છે. રાંદેસણ ગામની સીમમાં આવેલી કરોડોની કુટુંબી ભાગની જમીનનો તેમના કુટુંબીજનોએ મંજુરી લીધા વિના જ સોદો કરી નાંખ્યો હોવાનું જાણવા મળતા એએસઆઈએ તપાસ કરી તો તેમની ખોટી સહીઓ કરીને ગુડામાંથી આગેતરો કબજા કરાર કરાવી લીધો હોવાનું બહાર આવ્યુ હતુ. આ મામલે એએસઆઈની ફરીયાદ લઈ સેક્ટર-૭ પોલીસે બિલ્ડર સહિત ૩૫ વ્યક્તિઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરના સે. ૧૬માં છ-ટાઈપ ખાતે રહેતા વિઠ્ઠલજી કાનાજી મકવાણા સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. રાંદેસણ ગામની સીમમાં સર્વે નં. ૨૩૧ની તેમને વડીલો પારજીત જમીન આવેલી છે. જેમાં તેઓ કુલ ૩૨ કૌટુંબીક ભાઈઓ-બહેનોના વારસદારોના નામો રેવન્યુ રેકર્ડ ઉપર છે. તેમણે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના કુટુંબના સભ્યો તથા ગીફ્ટસીટી રોડ ઉપર રહેતા બિલ્ડર સુરેશભાઈ કાન્તીભાઈ પટેલે મળીને આયોજનપુર્વક તેમના નામની ખોટી સહી કરી ગુડાની કચેરીમાં બનાવટી આગોતરા કબજા કરાર ખરાઈ તરીકે રજુ કરી તેમના હિસ્સાનો આર્થિક ભાગ છીનવી લેવા વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી છે. જે અનુસંધાને સે. ૭ પીએસઆઈ સાલ્વીએ ૩૫ સભ્યો સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૨ અને ૧૨૦બી મુજબ ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. બિલ્ડર સુરેશ કાન્તીભાઈ પટેલ ઉપરાંત આ કેસમાં કાળાજી ગેદાલજી ઠાકોર, વિજય ગેદાલજી ઠાકોર, મેનાબેન ગેદાલજી ઠાકોર, હીરાજી વરસંગજી ઠાકોર, મોતાજી વરસંગજી ઠાકોર, પશીબેન વરસંગજી ઠાકોર, સંગ્રામ નાથાજી ઠાકોર, બાબુ નાથાજી ઠાકોર, કાના જેરાજી ઠાકોર, બાલુબેન રમતાજી ઠાકોર, કાળાજી રમતાજી ઠાકોર, જલાબેન રમતાજી ઠાકોર, ભાઈજીબેન રમતાજી ઠાકોર, ગંગાબેન ભલાજી ઠાકોર, અમૃત ભલાજી ઠાકોર, શંભુ ભલાજી ઠાકોર, લાલાજી ભલાજી ઠાકોર, લક્ષ્મણ ભલાજી ઠાકોર, મંછીબેન રણછોડજી ઠાકોર, વિષ્ણુ રણછોડજી ઠાકોર, વિક્રમ રણછોડજી ઠાકોર, ભીખીબેન રણછોડજી ઠાકોર, ભગવતી રણછોડજી ઠાકોર, શકરીબેન કાનાજી ઠાકોર, જીવાજી કાનાજી ઠાકોર, સવિતા કાનાજી ઠાકોર, વિજય કાનાજી ઠાકોર, મહેશ કાનાજી ઠાકોર, કાન્તા ગલાબજી ઠાકોર, લીલાબેન ગલાબજી ઠાકોર, રેખા ગલાબજી ઠાકોર, સંગીતા ગલાબજી ઠાકોર, સજજનબેન ગલાબજી ઠાકોર અને દેવાજી ગલાબજી ઠાકોર સહિતના કુટુંબના સભ્યો સામે ગુનો દાખલ થયો છે.

૧૪ એપ્રિલે પોલીસની રજાઓ રદ

ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિએ ભાજપના એકેય મંત્રીને ફુલહાર કરવા નહી દેવાની જીગ્નેશ મેવાણીની ચિમકીને પગલે ધમાલના એંધાણ : તમામ જિલ્લાઓમાં પોલીસને રજાઓ નહી લેવા સુચના આપી દેવાઈ

ગાંધીનગર, તા.૧૧

ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ નિવેદન આપ્યું હતું કે ૧૪ એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિએ ભાજપના એકેય મંત્રીને બાબાસાહેબની પ્રતિમા ઉપર ફુલહાર કરવા નહીં દઈએ. આ નિવેદનથી તે દિવસે ભાજપના નેતાઓ ઉપર ખતરો હોવાથી પોલીસ એલર્ટ કરી દેવામાં આવી છે અને પોલીસ ભવનથી રાજયના તમામ જિલ્લાઓમાં પોલીસની રજાઓ રદ્દ કરવા આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.

સ્ટેટ કંટ્રોલમાંથી તમામ જિલ્લાના પોલીસ વડાઓને ફેક્સ મેસેજ કરી આદેશ કરવામાં આવ્યા છે કે ૧૪ એપ્રિલે રાજયમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા વિશેષ તકેદારી રાખવા તમામ પોલીસ અધિકારીઓએ પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં હાજર રહેવું...! તે ઉપરાંત પોલીસ વડાના તાબાના અધિકારી કર્મચારીઓની અનિવાર્ય સંજોગો સિવાય ૧૪ એપ્રિલે હેડકવાર્ટર લીવ મંજુર ન કરવી તથા જો રજા મંજુર થયેલી હોય તો અનિવાર્ય સંજોગો સિવાય રજા પર છુટા ન કરવા અને જે અધિકારીઓ હાલ રજા પર છે તેમને હાજર કરાવવા વિચારણા કરવા જણાવવામાં આવ્યું છે. તે ઉપરાંત જે પી.આઈ. કે તેથી ઉપરી કક્ષાના અધિકારીની ૧૪ એપ્રિલની અનિવાર્ય સંજોગો સિવાય રજા મંજુર કરવી જરૂરી જણાય તો પોલીસ ભવનની સંબંધિત કચેરીની પૂર્વ મંજુરી મેળવવા જણાવાયું છે.

શહેરમાં ગરમીના પ્રમાણમાં વધારો થતા રોગચાળામાં વધારો

શહેરમાં ગરમીના પ્રમાણમાં વધારો થતા રોગચાળાનો આંક વધી ગયો છે. છેલ્લા એક અઠવાડીયામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડી વિભાગ

દર્દીઓથી ખીચોખીચ જોવા મળી રહ્યો છે. ત્યારે સિવિલમાં ગત સપ્તાહમાં પાણીજન્ય રોગચાળામાં ઝાડા-ઉલ્ટીના૧૦૨, કમળાના-૧, ટાઈફોઈડના-૫ કેસ સામે આવ્યા છે. જયારે મેલેરીયાના-૫, તાવના-૭૫, ડેન્ગ્યુંના-૨, તથા શ્વસન તંત્રને લગતા ૭૮ કેસ નોંધાયા છે. ત્યારે સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં ૧૧,૬૪૬ દર્દીઓએ ઓપીડી તેમજ ઈન્ડોર સારવાર લઈ સ્વસ્થ બન્યા છે.

ગાંધીનગર શહેરમાં ધીમી ગતિએ ઉનાળાનો પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં ગરમીને પગલે નાગરીકો બપોરના સમયે ઘરમાં પુરાઈ રહે છે. અંગદઝાડતી ગરમીમાં નાગરીકો બહાર નીકળવાનું પણ ટાળે છે. ત્યારે ગરમીમાં રાહત મેળવવા માટે નાગરીકો ઠંડા પીણા પીવાની શરુઆત કરે છે. જેમાં શેરડીનો રસ, બરફના ગોળા, શરબત, લસ્સી, ફુટ સલાટ, સહિતનો સમાવેશ થાય છે. સાથોસાથ બિન આરોગ્યપ્રદ નાસ્તા તેમજ પદાર્થો આરોગે છે.ત્યારે દુષિત પાણીવાળા પીણા-પદાર્થો તેમજ વાસી ખોરાક આરોગવાથી નગરજનોને કમળો, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી, જેવા પાણીજન્ય રોગચાળો માથું ઉંચકે છે. શહેરના વિવિધ માર્ગો પર ઠેરઠેર ઠંડા પીણાની લારીઓ શરબતના નામે ધમધમી રહી છે. પરંતુ તંત્ર દ્વારા એક પણ લારીની ચકાસણી કરવામાં આવી નથી. સિવિલમાં ગત્ સપ્તાહમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો હતો. સિવિલમાં છેલ્લા સાત દિવસમાં ઝાડા-ઉલ્ટીના-૧૦૨, કમળાના-૧, ટાઈફોઈડના-૫, કેસ સામે આવ્યા છે તેવી જ રીતે મેલેરીયાના-૫, તાવના-૭૫ તેમજ શરદી,ખાંસીના ૭૮ કેસ સામે આવ્યા છે. જયારે ડેંન્ગ્યુના ૨ કેસ નોંધાયા છે. જેમાં એક ચિલોડા તેમજ સરખેજનો કેસ હોવાનું જાણવા મળ્યું છે. સિવિલની ઓપીડીમાં માત્ર એક સપ્તાહમાં ૧૧૬૪૬ દર્દીઓએ સારવાર લઈ સ્વસ્થ બન્યા છે તો આગામી સમયમાં ઉનાળાના પગલે પાણીજન્ય રોગચાળો વકરે નહીં તેની કાળજી રાખવી પણ જરુરી બન્યું છે.

યુનિટ ઓફ ગાંધીનગર દ્વારા બાબા સાહેબની જન્મ જયંતિ પ્રસંગે ૧૨૭ કિલોની કેક કાપવામાં આવશે

યુનિટી ઓફ ગાંધીનગર ગ્રુપ એ અનુસુચિત જાતિ સમાજના નાગરીકોને સંગઠીત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. યુનિટી ઓફ ગાંધીનગર ગ્રુપ દ્વારા જ આયોજીત ગત વર્ષની જેમ આ વર્ષે પણ ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૭મી જન્મજયંતિ પ્રસંગે ૧૨૭ફુટની ૧૨૭કિલોની કેક સમાજના બાળકોના હસ્તે તા.૧૪ એપ્રિલને શનિવારના રોજ સવારે ૯ કલાકે ડો.બાબા સાહેબની પ્રતિમા સંકુલ, વિધાનસભાની સામે ગાંધીનગર ખાતે કાપવામાં આવશે અને સુંદર સુશોભન સાથે ડો.બાબા સાહેબની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. તો આ પ્રસંગે સમાજના ભાઈ બહેનોને પરિવાર સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા યુનિટી ઓફ ગાંધીનગર ગ્રુપના વિરેન્દ્ર જાદવે અનુરોધ કર્યો છે.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબના સંગઠનના માળખાની રચના

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા ગત તા.૮ એપ્રિલને રવિવારના રોજ ટાઉનહોલ ખાતે જનરલ સભાનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ બોડીની રચના કરવામાં આવી હતી. જેમાં કુંપલબેન દવે ઈ.લા.સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ તરીકે સર્વ સંમતિથી નિમવામાં આવ્યા છે. ઉદયભાઈ પાંભરને ઉપપ્રમુખ તરીકે તથા શિલ્પા દેસાઈને મંત્રી તરીકે નીમવામાં આવ્યા છે.જયારે હાર્દિક તલાટીને સહ ઉપપ્રમુખ અને સંગઠન મત્રી તરીકે તેમજ ખજાનચી તરીકે રશ્મિબેન ગોંડલિયા, ડો.ધૈવત શુકલા, રાહુલભાઈ જોશી, ભરત દેસાઈને સહમંત્રી તરીકે તેમજ પલ્લવીબેન મહેતાને પ્રોજેક્ટ કન્વીનર તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. હાલ ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબના ફોર્મનું વિતરણ ચાલુ છે.

જમીનનો હક્ક અને અધિકાર માટે ૧૯મીએ સંમેલન

ગુજરાતમાં દલિતો, આદિવાસીઓ અને ગરીબોને પોતાના હક્ક અને અધિકારની જમીનો ભાજપ સરકારના શાસનમાં ખોવાનો વારો આવ્યો છે અને આજે દલિતો, આદિવાસીઓ અને ગરીબો પોતાની જમીનો મેળવવા આત્મહત્યા કરી જીવ ગુમાવવા મજબૂર બન્યા છે ત્યારે રાજયભરના દલિતો, આદિવાસીઓ અને ગરીબો માટે ગુજરાત સરકાર જમીન મામલે સ્પષ્ટ અને અસરકારક નીતિની અમલવારી કરે તેવી જોરદાર માંગણી સાથે તા.૧૯મી એપ્રિલે સાણંદ-બાવળા રોડ નાની દેવતી ગામે દલિત શક્તિ કેન્દ્ર ખાતે દલિત સમાજ તરફથી વિશાળ જમીન અધિકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે,

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે કાર્યરત કર્યું પોર્ટલ

૧૦૦ ઉપરાંત સેવાઓ પોર્ટલ પર ઓન લાઈન ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતે વડાપ્રધાનના ડિઝીટલ ઈન્ડીયા મિશન અને કેશલેસ ઈન્ડીયાને વેગ આપતાં રાજયના ૬૫ લાખ ૭૭ હજાર વિદ્યાર્થીઓને મળવાપાત્ર રૂ. ૧૧૮૦ કરોડની વિવિધ યોજનાકીય સહાય ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફરથી બેન્ક ખાતામાં જમા કરાવવાની પહેલ રૂપ સિધ્ધિ મેળવી છે.

રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજીક ન્યાય અધિકારીતા વિભાગની ૬૦ જેટલી યોજનાઓ અન્વયે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, યુનિફોર્મ સહાય તથા અન્ય પોસ્ટ મેટ્રીક તેમજ પ્રી મેટ્રીક શિષ્યવૃતિ સહાય સંપૂર્ણ પણે કેશલેસ મોડમાં પારદર્શીતાથી વિદ્યાર્થીના બેન્ક એકાઉન્ટમાં સીધી જ જમા કરાવવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રીની ડિઝીટલ ઈન્ડીયા મિશનની સંકલ્પનાને રાજ્યમાં ડિઝીટલ ગુજરાતથી સાકાર કરવા તંત્રને પ્રેરિત કર્યુ છે.

તદઅનુસાર ડિજીટલ ઈન્ડીયા મિશન અન્વયે ડિજીટલ ગુજરાતનું સ્વપ્ન સાકાર કરવા સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા ડિજીટલ ગુજરાત પોર્ટલ બનાવવામાં આવ્યું છે. આ પોર્ટલ પરથી ઓનલાઈન મોડમાં ૧૦૦ ઉપરાંતની સેવાઓ લાભાર્થીઓ મેળવી શકે છે.

આ પોર્ટલ ઉપર જ આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પ્રી મેટ્રીક અને પોસ્ટ મેટ્રીકના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે યોજનાકીય લાભો ઓનલાઈન મેળવી શકે તે માટેની સેવાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

ગાંધીનગરમાં આવેલા ડિકેથ્લોન ખાતે ત્રણ દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ ગુરુ નિરજા શુક્લાએ યોગ, પ્રાણાયામ, આસન, મુદ્રાઓની સમજ અને શિક્ષણ આપ્યું હતું. આ શિબિરનું આયોજન ફ્રેન્ડસ ગ્રુપ અને બુલેટ વર્લ્ડના વનરાજસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. યોગ સાધના અને મેડિટેશન ટેકનીકનો લાભ ૮૦થી વધુ લોકોએ લીધો હતો.

અખાત્રીજના પવિત્ર દિવસે શહેરમાં યોજાશે મહા રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના ગૂંજ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા બે વર્ષથી અણીના સમયે જરૂરિયાતમંદને રક્ત પુરૂ પાડવાના ઉમદા હેતુથી 'બ્લડબેંક ઓન વ્હોટ્સએપ ગૃપ' ચલાવાય છે જેના થકી અત્યાર સુધીમાં ૧૮૦૦થી વધુ રક્ત યુનિટ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે પુરૂ પાડવામાં આવી રહ્યું છે. આ સેવાકાર્યને તા. ૧૮મી એપ્રિલે બે વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે જે નિમિત્તે 'મહા રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યુ છે. આ રક્તદાન શિબિરમાં ૧૫૧ બોટલ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ગૂંજ ફાઉન્ડેશનના રક્તદાન સેવાયજ્ઞમાં છેલ્લા બે વર્ષના સમયગાળામાં ૫૦૦થી વધુ સ્વયંસેવકો જોડાઈ ચુક્યા છે અને અંદાજે દિવસની સરેરાશ ૩ થી ૪ બોટલ રક્ત જરૂરિયાતમંદને પુરી પાડવામાં આવી રહી છે. આ સેવાકાર્યના બે વર્ષના સમાપન પ્રસંગે કુલ ૨ હજાર રક્ત યુનિટની સેવા પરિપૂર્ણ થાય તેવા ઉદ્દેશથી આ કાર્યની વર્ષગાંઠે 'મહા રક્તદાન શિબિર'નું આયોજન કરી તેમાં જોડાવા નગરના રક્તદાતાઓને ગૂંજ ફાઉન્ડેશન દ્વારા હાકલ કરવામાં આવી છે. આ મહા રક્તદાન શિબિર તા. ૧૮મી એપ્રિલ બુધવારના રોજ અખાત્રીજના પવિત્ર દિવસે સવારે ૮ થી બપોરના ૨ વાગ્યા સુધી સેક્ટર-૧૧માં ડિસ્ટ્રીક્ટ કોર્ટની પાછળ નગરપાલિકા ભવનના બીજા માળે યોજાશે. આ સદ્દકાર્ય થકી શહેરના સેવાભાવી યુવાનોએ તેમની સેવાકીય ભાવના અને સામાજિક જવાબદારી પ્રત્યેની જાગૃતિ ઉજાગર કરી છે. મહા રક્તદાન શિબિરને ચોમેરથી આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે અને લોકપ્રિય ગાયિકા કિંજલ દવે સહિતની જાણીતી હસ્તીઓ દ્વારા તેમાં જોડાવા માટે શોશ્યલ મિડીયા પર અપીલો કરવામાં આવી રહી છે.

મહા રક્તદાન શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા આપવામાં આવશે તેમજ આ રક્ત પુરવઠાને સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવતા જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓ માટે વાપરવામાં આવશે.

રક્તદાન માટે રજીસ્ટ્રેશન કરાવો

ગૂંજ ફાઉન્ડેશનના મહા રક્તદાન શિબિરમાં રક્તદાન કરવા માંગતા રક્તદાતાઓએ આગોતરૂ રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. નં. ૭૮૭૪૦૭૨૭૧૨ પર સંપર્ક સાધવા જણાવાયુ છે. મહા રક્તદાન શિબિર તા. ૧૮મી એપ્રિલે અખાત્રીજના દિવસે સેક્ટર-૧૧માં નગરપાલિકા ભવન ખાતે સવારે ૮ થી ૨ દરમ્યાન યોજાશે.

બે વર્ષમાં વ્હોટસએપ થકી ૧૮૦૦ બોટલ રક્ત પુરૂ પડાયું

ગૂંજ ફાઉન્ડેશનના 'બ્લડ બેંક ઓન વ્હોટસેપ ગૃપ' થકી છેલ્લાં બે વર્ષમાં ૧૮૦૦થી વધુ રક્ત યુનિટ્સ જરૂરિયાતમંદોને પુરા પાડવામાં આવ્યાં છે. આ ગૃપમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ સ્વયંસેવકો જોડાઈ ચુક્યાં છે.

જિલ્લામાં ૧૪મીથી ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૧

સામાજિક સંવાદિતા તથા અંતરીયાળ વિસ્તારના ગરીબ લાભાર્થીઓ સુધી યોજનાની વિગતો તથા લાભો મળે અને ગ્રામજનોના ફીડબેક મેળવવા તથા નવી યોજનાઓ માટે લાભાર્થીઓની નામ નોંધણી અને ખેડૂતોની આવક બમણી કરવા ભારત સરકાર દ્વારા દેશ ભરમાં ગ્રામ સ્વરાજય અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંધાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાની ઉપસ્થિતમાં જિલલાના અમલીકરણ અધિકારીઓની બેઠક મળી હતી. જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંધાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૮ ડૉ બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિના દિવસને સામાજીક ન્યાય દિવસ તરીકે ઉજવાશે. જયારે તા. ૧૮ એપ્રિલ, ૨૦૧૮ સ્વચ્છ ભારત દિવસ ઉજવણી અન્વયે જિલ્લાના ઓછામાં ઓછા ત્રણ ગામોમાં ધન કચરા વ્યવસ્થાપન કાર્યક્રમ તથા લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટના કામોનો શુભારંભ થશે. તા. ૨૦ એપ્રિલ,૨૦૧૮ના રોજ ઉજ્જવલા દિવસની ઉજવણી અન્વયે નવા ગેસ કનેકશનનું વિતરણ કરાશે. તા. ૨૪ એપ્રિલ, ૨૦૧૮ના રોજ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી અન્વયે દરેક ગામોમાં ગ્રામસભાનું આયોજન તથા વ્યક્તિગત લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ મળનારા લાભોની યાદીનું વાંચન તેમજ જબલપુરથી દૂરદર્શનના માધ્યમથી પ્રસારિત થનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રવચનનું શ્રવણ કરાશે તથા શ્રેષ્ઠ ગ્રામપંચાયત એવોર્ડ વિતરણ તથા સાફલ્યગાથાઓનું પ્રદર્શન યોજાશે. તા. ૨૮ એપ્રિલ, ૨૦૧૮ના રોજ ગ્રામ શક્તિ અભિયાન અન્વયે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓના આવસાનું વીજકરણ તથા એલ.ઈ.ડી બલ્બનું વિતરણ કરાશે. તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ આયુષ્યમાન ભારત દિવસની ઉજવણી અન્વયે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા મળવાપાત્ર લાભોની જાણકારી અપાશે. તા. ૨ મે, ૨૦૧૮ના રોજ કિસાન કલ્યાણ દિવસની ઉજવણી દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા માટેની કાર્યશાળા તથા આધુનિક ખેતી, બાગાયતી પાકો, નેટ ફામલ્ગ, ડ્રીપ ઈરીગેશન, અને ગ્રીન હાઉસ દ્વારા ખેત પેદાશોના વધુ ઉત્પાદન દ્વારા મૂલ્યવર્ધન ખેતી અંગેના કાર્યક્રમો તથા પશુ સારંવાર કેમ્પોનું આયોજન કરાશે. તા. ૦૫ મે, ૨૦૧૮ ના રોજ આજીવિકા દિવસની ઉજવણી દરમ્યાન ગ્રામ વિકાસ વિભાગ દ્વારા બેંકો દ્વારા સખી મંડળને કેશ ક્રેડિટ તથા માર્કેટીંગ લીકેજીસ તથા સખી મંડળ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના પ્રદર્શન મેળાઓ તથા સખી મંડળની રોલ મોડેલ મહિલાઓનું સન્માન કરાશે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાન ઉજવણીને સાર્થક કરવા જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંધાએ સંબંધિત અધિકારીઓને અસરકારક આયોજન અંગે વિસ્તૃત સૂચનાઓ આપી હતી. નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાએ જિલ્લાના સંબંધિત અધિકારીઓને ગ્રામ સ્વરાજ અભિયાન ઉજવણી અંગેનો ફાઈનલ કાર્યક્રમની બનાવી સત્વરે જિલ્લા વહીવટી તંત્રને રજૂ કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧